# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

-----------------------------------------------------------

- ✓ લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ નવી સરકાર રચવાની કવાયત તેજ - નવી દિલ્હીમાં આવતીકાલે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના સાથી પક્ષોની બેઠક યોજાશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સતત ત્રીજી વખત જીત બદલ વૈશ્વિક નેતાઓએ અભિનંદન પાઠવ્યા. - ભારતીય લોકશાહીની પ્રશંસા કરી.
- ✓ લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ કેન્દ્રિય ચૂંટણી પંચે આજે આદર્શ આચારસંહિતા હટાવી.
- ✓ કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે હીટવેવ માટેની તૈયારીઓ અને ઉનાળા દરમિયાન હૉસ્પિટલમાં આગને રોકવાના પગલાં અંગે આજે રાજ્યો સાથે સમીક્ષા બેઠક યોજી
- ✓ ટી 20 ક્રિકેટ વિશ્વકપમાં આજે રાત્રે યુનાઇટેડ સ્ટેટ્સ અને પાકિસ્તાનની ટીમ વચ્ચે મેચ રમાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW - JP NADDA BETHAK

18મી લોકસભાની ચૂંટણીના પરિણામ બાદ નવી સરકાર રચવાની કવાયત તેજ બની છે. નવી દિલ્હીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ કેન્દ્રિય મંત્રીઓ અને પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી હતી. રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના નેતાઓએ ગઈકાલે સર્વસંમતિથી નરેન્દ્ર મોદીને તેમના નેતા તરીકે પસંદ કર્યાના એક દિવસ બાદ આ બેઠકો યોજાઈ હતી.

અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, દિલ્હીમાં રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનની સરકારની શપથવિધિ પહેલા ભારે ચર્ચા ચાલી રહી છે. ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને કેબિનેટની રચના અંગે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના ભાગીદારો સાથે ચર્ચા કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. આજે શ્રી નડ્ડાએ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, પીયૂષ ગોયલ, પ્રહલાદ જોષી, મનસુખ માંડવિયા અને અશ્વિની વૈષ્ણવ જેવા કેન્દ્રિય મંત્રીઓ, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરૂણ ચુગ, પક્ષના નેતા વિનોદ તાવડે અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી હતી.

નવી દિલ્હીમાં આવતીકાલે રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનની યોજાનારી બેઠકમાં ભાજપ, તેલુગુ દેશમ પાર્ટી, જનતા દળ યુનાઈટેડ, લોક જનશક્તિ પાર્ટી, શિંદે જૂથની શિવસેના, જનતાદળ સેક્યુલર અને રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનના અન્ય ઘટક પક્ષોના નવા ચૂંટાયેલા સાંસદો બેઠકમાં ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.

રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનની ગઈકાલે યોજાયેલી બેઠક દરમિયાન એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, શ્રી મોદીના નેતૃત્વમાં ભારતે દરેક ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ કર્યો છે.

.................

# CONGRESS EXECUTIVE COMMITTEE MEETING

કોંગ્રેસના મહાસચિવ કે. સી. વેણુગોપાલે આજે એક પત્ર જાહેર કરી જણાવ્યું કે, કોંગ્રેસ કારોબારી સમિતિની બેઠક આગામી આઠમી જૂને શનિવારે સવારે 11 વાગ્યે કોંગ્રેસ મુખ્યાલયમાં યોજાશે. આ બેઠકની અધ્યક્ષતા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે કરશે.

.................

# *GLOBAL LEADERS CONGRATULATES PM*

યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સૂલા વૉન ડેર લેયેને આજે ટેલિફોન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સફળતા અને ઐતિહાસિક ત્રીજા કાર્યકાળ માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ભારતીય લોકશાહીની પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ રાષ્ટ્રપતિ વૉન ડેર લેયનને તેમની શુભકામનાઓ બદલ આભાર માન્યો અને સહિયારા મૂલ્યો અને સિદ્ધાંતો પર આધારિત મજબૂત ભારત–યુરોપીય સંઘના સંબંધોનો ઉલ્લેખ કર્યો.

ઑસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બેનિઝે પણ પ્રધાનમંત્રીને ફોન પર અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મોદીએ તેમની શુભકામનાઓનો આભાર માન્યો અને ગયા વર્ષે તેમની ઑસ્ટ્રેલિયાની મુલાકાત અને દિલ્હીમાં જી-ટ્વેન્ટી સમિટ દરમિયાન શ્રી અલ્બેનિઝ સાથેની તેમની મુલાકાતને યાદ કરી.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ ટેલિફોન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઐતિહાસિક જીત અને સતત ત્રીજા કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી મોદીએ પણ રાષ્ટ્રપતિ મેક્રોનો આભાર વ્યક્ત કર્યો હતો.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેવાના આમંત્રણનો સ્વીકાર કર્યો છે. રાષ્ટ્રપતિ વિક્રમસિંઘે શ્રી મોદીને ફોન કરીને લોકસભા ચૂંટણીમાં સતત ત્રીજી જીત મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

.................

# SHAPATH GRAHAN TAIYARI

માહિતી અને પ્રસારણ મંત્રાલયે એક બેઠકમાં સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહ પહેલા રાષ્ટ્રપતિ ભવનમાં કવરેજ અંગેના સેટ–અપની સમીક્ષા કરી હતી.

માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ, પ્રસાર ભારતીનાં C.E.O. ગૌરવ દ્વિવેદી, ઑલ ઇન્ડિયા રેડિયોનાં ડાયરેક્ટર જનરલ મૌસમી ચક્રવર્તી અને દૂરદર્શનના ડિરેક્ટર જનરલ કંચન પ્રસાદ સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગઈકાલે નવી દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના નેતા અને પ્રધાનમંત્રી માટે નરેન્દ્ર મોદીના નામને સર્વાનુમતે સમર્થન આપવામાં આવ્યું હતું.

.................

# EC MET PREZ.

લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ કેન્દ્રિય ચૂંટણી પંચે આજે આદર્શ આચારસંહિતાને હટાવી લીધી છે. 16 માર્ચે લોકસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી હતી.

કેન્દ્રિય ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને ડૉ. સુખબીર સિંહ સંધુ સાથે આજે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળ્યા હતા. તેમણે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશનની એક નકલ રાષ્ટ્રપતિને સુપરત કરી. આ નકલમાં 18મી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ બાદ લોકસભામાં ચૂંટાયેલા સભ્યોના નામ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોને ચૂંટણી પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન આપ્યાં હતાં. સમગ્ર દેશ વતી રાષ્ટ્રપતિશ્રીએ ચૂંટણી પંચ, તેમના અધિકારીઓ અને સ્ટાફના સભ્યો, ઝૂંબેશ અને મતદાનના સંચાલન અને અધિક્ષકતા સાથે સંકળાયેલા અન્ય જાહેર અધિકારીઓ અને પોલીસ અને સુરક્ષા કર્મચારીઓની અથાગ અને ખંતપૂર્વક કામ કરવા બદલ પ્રશંસા કરી.

.................

## ODISHA GOVERNMENT

ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની જીત બાદ પાર્ટી મુખ્યમંત્રી પદ માટે અનેક નામો પર ભાજપ વિચાર કરી રહ્યું છે. ભાજપે રાજ્યના તમામ 20 નવા ચૂંટાયેલા સાંસદોને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે ચર્ચા માટે આવતીકાલે દિલ્હી બોલાવ્યા છે. પાર્ટી નેતૃત્વ રાજ્યમાં ભાજપના પ્રથમ મુખ્યમંત્રી માટેના નામોની ચર્ચા કરશે અને સરકારની રચના માટેની યોજનાઓ પણ તૈયાર કરશે.

મુખ્યમંત્રી પદ માટે 6 વખતના સાંસદ અને પૂર્વ કેન્દ્રિય મંત્રી જુએલ ઑરામ, કેન્દ્રિય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ભારતના ભૂતપૂર્વ નિયંત્રક અને ઑડિટર જનરલ ગિરીશચંદ્ર મુર્મૂ સહિતના અનેક નામ ચર્ચામાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 147માંથી 78 બેઠક જીતી છે. આ સાથે જ વર્ષ 2 હજારથી ઓડિશામાં સત્તા સંભાળી રહેલી બીજૂ જનતા દળ 51 બેઠક જ જીતી શકી છે. તો કૉંગ્રેસે 14 બેઠક જીતી છે.

.................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . .

# HEALTH MINISTRY HEATWAVE MEETING

કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે હીટવેવ માટેની તૈયારીઓ અને ઉનાળા દરમિયાન હૉસ્પિટલમાં આગને રોકવાના પગલાં અંગે આજે રાજ્યો સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આરોગ્ય સેવાઓના મહાનિદેશક ડૉ. અતુલ ગોયલે વર્ચ્યૂઅલ બેઠકનું સંચાલન કર્યું હતું.

બેઠક દરમિયાન માહિતી આપવામાં આવી હતી કે, તમામ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉચ્ચસ્તરીય અધિકારીઓ સ્થિતિ પર કડક નજર રાખી રહ્યા છે. તેમણે આગની દુર્ઘટના દરમિયાન દર્દીઓ, સ્ટાફ અને મુલાકાતીઓને સુરક્ષિત રીતે બહાર લઈ જવા એસ.ઓ.પી સાથે ઇમરજન્સી રિસ્પોન્સ પ્લાનની સ્થાપના કરી છે. મધ્યપ્રદેશ જેવા રાજ્યોએ તમામ સરકારી અને ખાનગી હૉસ્પિટલ્સમાં આગ-સુરક્ષા અકસ્માતો પર મોક-ડ્રીલ કવાયત હાથ ધરી છે.

.....................................

# T 20 WORLD CUP

આઇસીસી ટી 20 ક્રિકેટ વિશ્વકપમાં આજે કુલ 3 પૈકીની પહેલી મેચમાં યુગાન્ડાએ પપુઆ ન્યુ-ગીનીઆને 3 વિકેટે હરાવ્યું હતું. જ્યારે બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઓમાનને 39 રને હરાવ્યું હતું.

હવે આગામી ત્રીજી  મેચ આજે રાત્રે યુએસએ અને પાકિસ્તાનની ટીમ વચ્ચે રમાશે.

. . . . . . . . . . . . . . . . . . .

## ISSF WORLD CUP GOLD

ISSF વર્લ્ડ કપ 2024માં ભારતીય શૂટર સરબજોત સિંહે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં આજે જર્મનીના મ્યુનિકમાં સુવર્ણ ચંદ્રક જીતનાર પહેલા ભારતીય ખેલાડી બન્યા છે.

સરબજોતસિંહે  ફાઇનલમાં 242.7 નો સ્કોર કરીને આ સિદ્ધિ હાંસલ કરી છે. જ્યારે ચીનના શુએહાંગ બુએ 242.5 ના સ્કોર સાથે રજત ચંદ્રક, જર્મનીના રોબિન વોલ્ટરે 220.0 ના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

.................

## ISRAEL HAMAS

ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ત્રીસ ફિલિસ્તાની નાગરિકના મોત નીપજ્યા અને ડઝનો લોકો ઈજાગ્રસ્ત થયા છે. આમાંથી મોટા ભાગના બાળકો અને મહિલાઓ હતી. આ હવાઈ હુમલામાં મધ્ય ગાઝાપટ્ટીમાં નુસીરાત શિબિરમાં

વિસ્થાપિત લોકોના એક શાળાના આવાસને નિશાન બનાવવામાં આવ્યું હતું. ઈઝરાયેલના ફાઈટર જેટે અનેક મિસાઈલ છોડી હતી.

. . . . . . . . . . . . . .

## Odisha hathi

ઓડિશામાં હાથીઓની સંખ્યા વર્ષ 2017ની સરખામણીએ આ વર્ષે 2 હજાર 98 થઈ ગઈ છે. આ વર્ષે હાથીઓની સંખ્યામાં 122નો વધારો નોંધાયો છે. હાથીઓની ગણતરી માટે પાંચ હજાર 700થી વધુ જવાનોને તૈનાત કરવામાં આવ્યા હતા.

-----------

## SC - WATER

સર્વોચ્ચ અદાલતે હિમાચલ પ્રદેશ સરકારને પાણીની અછતનો સામનો કરી રહેલી દિલ્હી માટે 137 ક્યુસેક વધારાનું પાણી છોડવાનો નિર્દેશ આપ્યો છે.

ન્યાયાધીશ પી.કે.મિશ્રા અને કે.વી.વિશ્વનાથનની વેકેશન બેન્ચે કહ્યું કે હિમાચલ પ્રદેશ સરકારને કોઈ વાંધો નથી અને તેઓ તેમની પાસે ઉપલબ્ધ વધારાનું પાણી છોડવા તૈયાર છે. સર્વોચ્ચ અદાલતે હરિયાણા સરકારને હિમાચલ પ્રદેશ દ્વારા

છોડવામાં આવતા વધારાના પાણીના પ્રવાહને સરળ બનાવવાનો નિર્દેશ આપ્યો, જેથી કરીને તે રાષ્ટ્રીય રાજધાની સુધી પહોંચે.

અદાલતે સ્પષ્ટ કર્યું કે દિલ્હી સરકાર દ્વારા પાણીનો કોઈ બગાડ ન થવો જોઈએ. તેમાં કહેવામાં આવ્યું છે કે હિમાચલ પ્રદેશ દ્વારા આવતીકાલે હરિયાણાને અગાઉથી સૂચના આપીને 137 ક્યુસેક વધારાનું પાણી છોડવામાં આવશે. સર્વોચ્ચ અદાલતમાં વધુ સુનાવણી 10મી જૂને થશે.

. . . . . . . . . . . . . . . . .